(૧) આ કામમાં પોલીસ ધ્વારા આરોપીઓ વિરૂધ્ધ ધી જુગાર ધારાની કલમ ૧૨ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપીઓ અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડ કલમ ૨૦૭ અન્વયે વિનામૂલ્યે આપવામાં આવેલ છે. આરોપીઓ સ્પે.સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓ સ્પે. સીટીંગ અન્વયે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક- થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીઓની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમાં આરોપીઓએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીઓને સાંભળતા આરોપીઓએ આ પ્રથમ ગુનો છે અને તેઓ ગુના બદલ પસ્તાવો કરે છે અને કુટુંબકબીલા વાળા છે અને તેમના કુટુંબના ભરણપોષણનો આધાર તેમના ઉપર છે તેમ જણાવે છે, તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીઓને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત, સંજોગો તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ અને નામદાર મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબના હુકમ અન્વયે સ્પેશ્યલ સીટીંગ અન્વયે આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરું છું.

**-: હુકમ :-**

ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૨ મુજબ આરોપી ને ધી **જુગાર ધારાની કલમ ૧૨** મુજબના ગુનામાં કસુરવાન ઠરાવી દરેક આરોપીને રૂપિયા ૧૦૦/- અંકે રૂપિયા એકસો પુરા દંડ ભરવાનો તથા કોર્ટ ઉઠતાં સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન-૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ પૈકી રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે, બાકીના મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

કુલ દંડ રુ.૩૦૦/- (અંકે રુ.ત્રણસો પુરા ).

હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૨/૨૦૨૦
અમદાવાદ.

(આર.બી.મારફતિયા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ,કોડ નં.જીજે૦૦૬૩૩